Liberty Equality Fraternity

**SAURASHTRA UNIVERSITY**

**Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre**

**[Estb.: Govt. of Gujarat]**

**Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005**

**Phone No.: (0281) 2578501 (Ext. No.429), E-mail Id: dbachair@sauuni.ac.in, Web : www.bac.org.in**

**બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર**

(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત) **પરિશિષ્ટ–૯**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫**

**BAC/ માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા ફેલોશીપ યોજના–૨૦૨૪–૨૫, તા.૦૪/૦૪/૨૦૨૪**

# માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા ફેલોશીપ યોજના : ૨૦૨૪–૨૫

**વંચાણે લીધા**

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫ /હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૦૪/૦૪/૨૦૨૪ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

## (૧) પ્રસ્તાવના :

વિચાર જીવંત અને શાશ્વત હોય છે. સામાજિક પરિવર્તનમાં વિચાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ડૉ. આંબેડકરજીના સ્વાધિનતા અને નવ ભારતનાં નિર્માણ કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યની વિવિધ પાંચ યુનિવર્સિટીઓમાં ડૉ. આંબેડકર અધ્યયન પ્રકલ્પ–ચેરની સ્થાપના કરવામાં આવી છે. સરકારશ્રીનો ઉદ્દેશ્ય છે કે, ડૉ. આંબેડકરજીના જીવન, ચિંતનથી સામાજીક વિભેદકારી દિવાલો ભસ્મીભૂત થઈ સમાજમાં લોકમાનસ પર સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ સ્વરૂપ સમાજનું નિર્માણ થાય. લોક સુખાકારી વધે, વ્યક્તિત્વના ગૌરવ કરનારી બંધુતાનું નિર્માણ થાય સાથે–સાથે ભાવાત્મક રાષ્ટ્ર નિર્માણ થાય જેમાં સમજદાર સમાજનું નિર્માણ કરવાનો સંકલ્પ સાકાર થશે. આ માટે ગ્રામ્ય વિસ્તારના જન–જન સુધી ડૉ. આંબેડકરનું ચિંતન પહોંચાડવું અનિવાર્ય છે. આ માટે ચેર–સેન્ટર દ્વારા માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા ફેલોશીપ યોજનાની શરૂઆત કરવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત અનુસ્નાતક કક્ષાના સંશોધકો દ્વારા ગ્રામીણ વિસ્તારની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજનૈતિક, અને આરોગ્યલક્ષી પરિસ્થિતિ ઉજાગર કરવાના હેતુસર સંશોધકોને ચેર–સેન્ટર દ્વારા નીચેના નિયમો અને શરતો અનુસાર ગ્રામસેવા ફેલોશીપ યોજના અંતર્ગત આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

## (૨) યોજનાનું નામ :

**' માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા ફેલોશીપ યોજના–૨૦૨૪–૨૫'(MRGFY)** જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારના ગામડાઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજનૈતિક, અને આરોગ્યલક્ષી સ્તરના અભ્યાસો કરવા માટે અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ, સંશોધકોને વિશેષ ગ્રામસેવા ફેલોશીપ યોજના આપી સંશોધન કાર્ય કરાવવું.

## (૩) યોજનાનું ધ્યેય :

(૧) ડૉ. આંબેડકરજીના ચિંતનને ખરા અર્થમાં ગ્રામ્ય સમાજના શિક્ષિત–અશિક્ષિત લોકોને સંકલિત કરી લોકો સુધી પહોંચાડવું.

(૨) ગામડાના બાળકોને આધુનિક શિક્ષણ પ્રણાલીથી અવગત કરી તેના સ્વ–વિકાસની ઉતમ તકો ઉત્પન્ન કરવા માર્ગદર્શિત કરવા.

(૩) ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવા.

(૪) ગ્રામ્ય વિસ્તારના લોકોને આરોગ્યલક્ષી જાગૃતતા લાવવા માટે મદદ કરવી.
(૫) ગ્રામ્ય વિસ્તારના લોકોને સ્વાવલંબી જીવન જીવવા અંગે પ્રોત્સાહિત કરવા.
(૬) ગ્રામ્ય વિસ્તારમાં યુવક–યુવતીઓને વિવિધિ સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રેરણા, જાગૃત અને મદદ કરવી.
(૭) વિકાસમાં અવરોધરૂપ રૂઢિઓ અને અંધશ્રદ્ધાઓમાંથી મુક્ત થવા માર્ગદર્શન આપવું.
(૮) મહિલા કલ્યાણલક્ષી યોજનાઓ, સહાયક યોજનાઓ વગેરેની માહિતી ગ્રામ્ય મહિલાઓને આપવી.
(૯) ગ્રામ્ય વિસ્તારના લોકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને લાભોથી જાગૃત કરવા.
(૧૦) સમાજમાં રહેલા વિભેદનકારી વિચારો દૂર કરવા માર્ગદર્શન આપી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના ડૉ. આંબેડકરજીના સ્વપ્નને સાકાર કરવું.
(૧૧) આ યોજનાની અમલવારી દરમ્યાન ગામડાઓમાં સમાનતા, બંધુતા અને સમરસતા કેળવાય તે માટેના પ્રયત્નો કરવા.

## (૪) સંશોધકે કરવાની થતી કામગીરી

(૧) ગ્રામની પ્રાથમિક શાળામાં જઈને ડૉ. આંબેડકરના શિક્ષણ સંઘર્ષ અંગેની સકારાત્મક માહિતી વિદ્યાર્થીઓને પ્રેરણા આપે તેવી ૩૦ મિનિટ માહિતી આપશે.
(૨) ગામના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વિસ્તારોમાં જઈને ૦૧ કલાકની સભા કરશે. જેમાં બહેનોની સભામાં શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અને સરકાર તરફથી મળતા જુદી–જુદી યોજનાઓની સકારાત્મક માહિતી આપશે.
(૩) ગામડામાં યુવાનો અને વડિલોની સભામાં સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી આપશે અને આ યોજનામાં જોડાવવા માટે મદદ કરશે.
(૪) ગ્રામ પંચાયતના સામાજિક ન્યાય સમિતિના સભ્યને મળીને સરકારની યોજનાઓને ગામડાના લોકો માટે કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની માહિતી આપશે.
(૫) ગામડામાં જઈને ત્યાંના VC (વિલેજ કો–ઓર્ડિનેટર) ને મળીને ખેડૂતોની યોજનાઓ, ગામના વિકાસની યોજનાઓ, આરોગ્યની યોજનાઓ વગેરે માટે જરૂરી વિવિધ ઓળખકાર્ડ જેવા કે, ઈ–શ્રમકાર્ડ, આધારકાર્ડ, આયુષ્યમાન ભારત કાર્ડ, ખેડૂત કાર્ડ, આભા કાર્ડ વગેરેની માહિતી ગામના લોકોને આપશે અને તે કાર્ડ કઢાવવા માટે પ્રેરણા અને મદદ કરશે.
(૬) ગામડાના વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળામાં લેવાતી વિવિધ સ્કોલરશીપની માહિતી આપશે. નવોદય વિદ્યાલય, કેન્દ્રિય વિદ્યાલય વગેરેમાં પ્રવેશ પરીક્ષા અંગેની માહિતી આપશે તથા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રેરણા અને માર્ગદર્શન આપશે.
(૭) ગામમાં શિક્ષણ, રમત–ગમત વગેરે ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મળીને પ્રેરણા અને માર્ગદર્શન આપશે.
(૮) ગામડાઓમાં વૃક્ષારોપણ, સર્વરોગ નિદાન કેમ્પ, રકતદાન કેમ્પ વગેરે કરવા માટે NGO/GO સંસ્થાઓ સાથે સંપર્ક કરી ગામ લોકોની સહાયથી કાર્યક્રમ કરવા.
(૯) ગામડામાં અંધશ્રદ્ધા, અસ્પૃશ્યતા, કુરિવાજોને, રૂઢિચૂસ્તતાને દૂર કરવા માટે સભામાં માર્ગદર્શન આપશે. આ ઉપરના બધા કાર્યક્રમ માટે, ગ્રામપંચાયત, તલાટીમંત્રી, સરપંચ, પંચાયતના સભ્યો સાથે મળીને કાર્યક્રમ કરશે.
(૧૦) આ બધા જ કાર્યક્રમોનો વિગતવાર અહેવાલ અને ફોટા સાથેનો અહેવાલ ચેર–સેન્ટરને આપવાનો રહેશે.

## (૫) યોજનાનો સમયગાળો

આ યોજનાના સમયગાળો ડિસેમ્બર થી ફેબ્રુઆરી ત્રણ માસનો રહેશે. આ યોજનાના અંગેનો અહેવાલ ચેર–સેન્ટરને ફેબ્રુઆરી અંત સુધીમાં સુપ્રત કરવાનો રહેશે.

## (૬) યોજનાની જાહેરાત અને સંખ્યા

આ યોજનાની જાહેરાત ચેર–સેન્ટરની વેબસાઈટ પર કરવામાં આવશે અને આ યોજના અંતર્ગત કુલ ૧૦ સંશોધકોની પસંદગી કરવામાં આવશે.

## (૭) પસંદગીની પ્રક્રિયા અને ઈન્ટરવ્યૂ સમિતિ

આવેલી અરજીઓમાંથી ઈન્ટરવ્યૂ લઈને સંશોધકોની પસંદગી કરવામાં આવશે. મેરીટને આધારે ઈન્ટરવ્યૂ કરવામાં આવશે. ઈન્ટરવ્યૂ સમિતિમાં (૧) ચેર–સેન્ટરના ચેરમેન, (૨) ભાષાના એક અધ્યાપક, (૩) સોશ્યલ સાયન્સના એક અધ્યાપક દ્વારા ઈન્ટરવ્યૂ લઈ સંશોધન એવોર્ડ માટેની પસંદગી કરવામાં આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | સ્નાતક | B.A. | 50% (પછી વધારે પ્રત્યેક ટકા એ ૧ ગુણ વધુમાં વધુ ૨૫ ગુણ) | ૨૫ ગુણ |
| (૨) | ઈન્ટરવ્યૂ | | | ૨૫ ગુણ |
| | | | | **કુલ ૫૦ ગુણ** |

## (૮) યોજનાના સામાન્ય નિયમો :

(૧) ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા અને માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના માર્ગદર્શન અનુસાર આ યોજનાની અમલવારી કરવાની રહેશે.

(૨) આ યોજના અંતર્ગત ચેર–સેન્ટર દ્વારા ઈન્ટરવ્યૂ અને મેરીટના આધારે સંશોધકોને સંશોધન કાર્ય માટે પસંદગી કરવામાં આવશે.

(૩) સંશોધકો ગામડામાં જઈને મુદ્દા નં.૪ મુજબના કાર્યો કરવાના રહેશે. ૦૧ ગામમાં ઓછામાં ઓછા ૨૦ કાર્યક્રમો કરવાના રહેશે. અહેવાલમાં (એ) વિભાગમાં ગામની સંક્ષિપ્ત માહિતી આપવાની રહેશે અને (બી) વિગામાં કાર્યક્રમનો અહેવાલ અને ફોટા આપવાના રહેશે.

(૪) ચેર–સેન્ટર દ્વારા પસંદ થયેલા સંશોધકોને ૦૧ ગામ દીઠ ૦૨ સંશોધકો ફાળવવામાં આવશે. ગામમાં રૂબરૂ મુલાકાત કરનાર સંશોધકે યોજનના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખી ગ્રામ્ય વિસ્તારની વસ્તી વિષયક માહિતી,ઈતિહાસ, પંચાયતની કામગીરી અને માહિતી, ઉપલબ્ધ સુવિધાઓ, લોકોની સમસ્યાઓ તેમજ સમસ્યા નિવારણના ઉપાયો વિષયક સંશોધન કરી અહેવાલ ઓછામાં ઓછામાં ૫૦ પેઈઝ કે તેથી વધુનો અહેવાલ સોફ્ટ કોપી–૧ અને હાર્ડકોપી–૧માં ચેર–સેન્ટરમાં સુપ્રત કરવાનો રહેશે. આ શોધકાર્ય સ્થળની ફોટોગ્રાફી, દસ્તાવેજો, રૂબરૂ મુલાકાત ફોટોગ્રાફી, નકશાઓ વગેરે અહેવાલમાં સામેલ કરવાના રહેશે અને અહેવાલમાં મુખ પૃષ્ઠમાં **"બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના માતૃશ્રી રમાબાઈ ગ્રામસેવા ફેલોશીપ યોજના "** એવું લખાણ લખવાનું રહેશે.

(૫) સંશોધન અહેવાલ ચેર–સેન્ટરમાં સુપ્રત થયા બાદ ચેર–સેન્ટર દ્વારા સંશોધકોના બેંક એકાઉન્ટમાં ગ્રામસેવા ફેલોશીપ યોજના'ની રકમ કોઈપણ પ્રકારના બિલ વગર યુનિવર્સિટી દ્વારા જમાં આપવામાં આવશે.

(૬) શોધ યોજના માટે પસંદ થયેલા સંશોધકોએ સંશોધન કાર્ય પૂર્ણ કરવાની બાયંધરી આપવાની રહેશે.

(૭) સંશોધન યોજનામાં સંશોધન કાર્ય પૂર્ણ થયે અને સંતોષકારક અહેવાલ ચેર–સેન્ટરમાં સુપ્રત થયા બાદ સંશોધકના બેંક એકાઉન્ટમાં શોધ પુરસ્કારની રકમ રૂા. ૫,૦૦૦/– ગ્રામસેવા ફેલોશીપ યોજનાની રકમ જમાં આપવામાં આવશે.

(૮) આ યોજના માટે પસંદ થયેલા સંશોધકને સંશોધન કાર્ય દરમ્યાન કોઈપણ પ્રકારનું મુસાફરી ભથ્થૂ કે કોઈપણ પ્રકારનો અન્ય આર્થિક લાભ ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવશે નહી.

(૯) સંશોધકે ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવતા નિયમોનું પાલન કરવાનું રહેશે. સમય મર્યાદામાં સંશોધન કાર્ય નહીં કરનાર અને અહેવાલ સુપ્રત નહીં કરનાર સંશોધકને કોઈપણ પ્રકારનો આર્થિક લાભ આપવામાં આવશે નહી, જેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

(૧૦) સંશોધકે સંશોધનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધન અંગેના નિયમો અને પદ્ધતિઓનું પાલન કરવાનું રહેશે.

(૧૧) આ નિયમો ઉપરાંત ચેર–સેન્ટર દ્વારા જે નિયમો આપવામાં આવે તે બંધનકર્તા રહેશે.

(૧૨) આ નિયમોમાં ફેરફાર કરવાની આખરી સત્તા માનનીય કુલપતિશ્રીની રહેશે.

(૧૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ માર્ગદર્શકશ્રીનું માર્ગદર્શન લેવાનું રહેશે.